Dhanraj Group
દેશ-પરદેશની આજકાલ

# ૧૬.૨૦ લાખનો ચેક પાછો ફરવાના કેસમાં આરોપીને બે વર્ષની કેદ, પુરેપુરા દંડનો હુકમ

રાજકોટમાં સદગુરૂ સોસાયટી મેઈન રોડ ઉપર રહેતા લાલજી પોપટભાઈ મોલિયા પાસેથી સુરેશ નરશીભાઈ પરસાણા રહે.શક્તિ પાર્ક, મોરબી રોડ, નાગબાઈ મંદિરની બાજુમાં એ કટકે કટકે કુલ રૂા.૧૬.૫૦ લાખ હાથઉછીના લીધા હતા. બાદમાં લાલજીભાઈની અનેક વખત ઉઘરાણી બાદ સુરેશ નરશીભાઈ પરસાણાએ રકમની પરત ચૂકવણી માટે રૂા.૧૬.૨૦ લાખનો આરડીસી બેન્કનો ચેક લખી આપ્યો હતો. જે ચેક લાલજીભાઈએ તેમની બેન્કમાં જમા કરાવ્યો હતો, જે કલિયરિંગમાં જતાં લખનારના ખાતામાં અપૂરતી રકમની નોંધ સાથે પાછો ફર્યો હતો. જેથી લાલજીભાઈએ સુરેશભાઈને કાનુની નોટિસ આપ્યા બાદ કોર્ટમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી. તે કોર્ટ ફરિયાદ અન્વયે આરોપી સુરેશ પરસાણાએ ગુજરાત હાઈકોર્ટમાં કવોસિંગ પિટિશન દાખલ કરી હતી. જે પિટિશન હાઈકોર્ટે રદ કરીને નીચેની કોર્ટમાં ટ્રાયલ ચલાવવા હુકમ કર્યો હતો. દરમિયાન આ કેસમાં આરોપી તરફથી હાઈકોર્ટ ઉપરાંત ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જુદી જુદી કાર્યવાહી સંદર્ભે અપીલ કરવામાં આવી હતી. જે નામંજૂર રહી હતી. આથી આ કેસ સિનિયર સિવિલ જજની કોર્ટમાં ચાલી જતાં આરોપી સુરેશ નરશીભાઈ પરસાણાને ચેક પાછો ફરવા અંગે તકસીરવાર ઠરાવી બે વર્ષની કેદ અને પુરેપુરી રકમ રૂા.૧૬.૨૦ લાખનો દંડનો હુકમ કયર્રો છે. દંડ ન ભરે તો વધુ ૩ માસની કેદનો હુકમ પણ કર્યો છે. આ કામમાં ફરિયાદી વતી સિનિયર એડવોકેટ નલીનભાઈ શુકલ, અભિષેક શુકલ, જય શુકલ, રાજેશ કે.દલ, ધર્મેશ કે.દવે, ભરત ટી.ઉપાધ્યાય રોકાયા હતા.